## પ્રધાનમંત્રી જોર્ડનના મહામહિમ રાજા અબ્દુલ્લા II ને મળ્યા

15 ડિસેમ્બર, 2025

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે જોર્ડનના મહામહિમ રાજા અબ્દુલ્લા II સાથે મુલાકાત કરી. મહામહિમ રાજા અબ્દુલ્લા II દ્વારા અલ હુસૈનિયા પેલેસમાં તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું.

2. બંને નેતાઓ પ્રતિબંધિત અને પ્રતિનિધિમંડળ સ્તરના ફોર્મેટમાં મળ્યા હતા. તેમણે તેમની પાછલી બેઠકો અને વાતચીતને પ્રેમથી યાદ કરી અને બંને દેશોના સહિયારા ગાઢ અને ઐતિહાસિક સંબંધો પર ભાર આપ્યો. તેમણે નોંધ્યું કે આ મુલાકાત, એવા સમયે થઈ રહી છે જ્યારે બંને દેશો તેમના રાજદ્વારી સંબંધોની સ્થાપનાના 75 વર્ષની ઉજવણી કરી રહ્યા છે, જેનાથી આ ઐતિહાસિક બને છે. પ્રધાનમંત્રીએ ભારત-જોર્ડન સંબંધોને મજબૂત બનાવવા પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા બદલ મહામહિમની પ્રશંસા કરી. મહામહિમે આતંકવાદ સામે ભારતની લડાઈને મજબૂત સમર્થન આપ્યું અને આતંકવાદના તમામ સ્વરૂપો અને અભિવ્યક્તિઓની નિંદા કરી. પ્રધાનમંત્રીએ આતંકવાદ, ઉગ્રવાદ અને કટ્ટરવાદનો સામનો કરવામાં અને આ દુષ્ટતાઓ સામે વૈશ્વિક લડાઈમાં યોગદાન આપવા બદલ મહામહિમના નેતૃત્વની પ્રશંસા કરી. બંને નેતાઓએ વેપાર અને રોકાણ; સંરક્ષણ અને સુરક્ષા; નવીનીકરણીય ઉર્જા; ખાતર અને કૃષિ; નવીનતા, IT અને ડિજિટલ ટેકનોલોજી; મહત્વપૂર્ણ ખનિજો; માળખાગત સુવિધા; આરોગ્ય અને ફાર્મા; શિક્ષણ અને ક્ષમતા; પ્રવાસ અને વારસો; અને સંસ્કૃતિ અને લોકોથી લોકોના પરસ્પર સંબંધો જેવા ક્ષેત્રોમાં બંને દેશો વચ્ચે જોડાણને વધુ ગાઢ બનાવવાના માર્ગો પર ચર્ચા કરી. ભારત જોર્ડનનું 3જું સૌથી મોટું વેપારી ભાગીદાર છે, આ જોતાં પ્રધાનમંત્રીએ પ્રસ્તાવ મૂક્યો કે બંને દેશોએ આગામી 5 વર્ષમાં દ્વિપક્ષીય વેપાર 5 અબજ અમેરિકન ડોલર સુધી વધારવાનું લક્ષ્ય રાખવું જોઈએ. તેમણે જોર્ડનની ડિજિટલ ચુકવણી પ્રણાલી અને ભારતના યુનાઇટેડ પેમેન્ટ્સ ઇન્ટરફેસ (UPI) વચ્ચે સહયોગ માટે પણ હાકલ કરી. જોર્ડન ભારત માટે ખાતરનો એક મહત્વપૂર્ણ સપ્લાયર છે, અને બંને પક્ષોની કંપનીઓ ભારતમાં ફોસ્ફેટિક ખાતરની વધતી માંગને પહોંચી વળવા માટે જોર્ડનમાં વધુ નોંધપાત્ર રોકાણ માટે ચર્ચા કરી રહી છે.

3. નેતાઓએ પ્રદેશના વિકાસ અને અન્ય વૈશ્વિક મુદ્દાઓ પર પોતાના દ્રષ્ટિકોણ શેર કર્યા. તેમણે પ્રદેશમાં શાંતિ અને સ્થિરતા પુનઃસ્થાપિત કરવાના મહત્વને દોહરાવ્યું. પ્રધાનમંત્રીએ પ્રદેશમાં સ્થાયી શાંતિ પ્રાપ્ત કરવા માટે કરવામાં આવી રહેલા પ્રયાસોને ભારતના સમર્થનની પુષ્ટિ કરી.

4. મુલાકાત પ્રસંગે, બંને પક્ષોએ સંસ્કૃતિ, નવીનીકરણીય ઉર્જા, પાણી વ્યવસ્થાપન, ડિજિટલ જાહેર માળખાગત સુવિધાઓ અને પેટ્રા અને એલોરા વચ્ચે ટ્વિનિંગ વ્યવસ્થાના ક્ષેત્રોમાં MoUs ને અંતિમ સ્વરૂપ આપ્યું. MoUs ની સંપૂર્ણ સૂચિ અહીં જોઈ શકાય છે [Link]. આ સમજૂતીઓ ભારત-જોર્ડન દ્વિપક્ષીય સંબંધો અને મિત્રતાને મોટું પ્રોત્સાહન આપશે. આ વાટાઘાટો પછી પ્રધાનમંત્રીના માનમાં

મહામહિમ રાજા અબ્દુલ્લા II દ્વારા ભોજન સમારંભનું આયોજન કરવામાં આવ્યું. પ્રધાનમંત્રીએ મહામહિમને ભારતની મુલાકાત લેવા આમંત્રણ આપ્યું જેનો તેમણે સ્વીકાર કર્યો.

અમ્માન

15 ડિસેમ્બર, 2025